જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૦૩/૨૦૧૬ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૪૬૪/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી ૨૬ વ્યક્તિઓને ઝડપી ૧૫૪ લીટર દેશી દારૂ, ૧૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૪ ક્વૉટર ઈંગ્લીશ દારૂ અને ૨૫ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા મુજબ ૨ કેસ કરી ૧૪ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૯૭,૧૦૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૪૬૫/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૪૬૬/૧૬

કાલુપુર : પરવિનકુમાર જુગલકિશોર અરોરા (રહે.પ્રેરણા ટાવર વસ્ત્રાપુર) એ તા.૧૦/૩/૧૬ નારોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૧૧/૧૫ થી આજદિન સુધીનાં સમયગાળા દરમ્યાન મેસર્સ હિતેષકુમાર કાંતિલાલ પટેલ ના પ્રોપરાઇટર આરોપી હિતેષકુમાર (રહે.દિપ ટેનામેન્ટ ઇન્દ્રજીત સોસાયટી સામે, નિકોલ ગામ) નાએ ચાર કોમ્પ્યુટરાઇઝ્ડ એમ્બ્રોડરી મશીનરીની ખરીદી કરવા સારૂ કુલ રૂપિયા ૧૯,૫૦,૦૦૦/- ને લોન મેળવી, મશીનરી ક્યાંક સગે-વગે કરી, લોનનાં હપ્તા નહીં ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.ડી.ઉપાધ્યાય ચલાવે છે.

જી.આઇ.ડી.સી.વટવા : હિમાંશુભાઇ પદમનાભાઇ દુબે (રહે.પરીસ્કાર-૧, ખોખરા સર્કલ પાસે, ખોખરા) એ તા.૧૦/૩/૧૬ નારોજ જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧/૫/૧૫ થી આજદિન સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી નિરજભાઇ રતનભાઇ ગોગીયા (રહે.પ્રાઇમપ્લાઝા, એન.એફ.ડી. જજીસ બંગલા રોડ, બોડકદેવ) એ હિમાંશુભાઇની જી.આઇ.ડી.સી. વટવા, ફેઝ-૨, પ્લોટ નં.એ/૧/૧૫ ખાતે આવેલ ઇનોક્ષ એર પ્રોડક્સ લીમીટેડ નામની કંપની સાથે થયેલ વેપાર કરાર તા.૧/૫/૧૫ થી તોડી નાંખી, કંપનીનીં લેણાં નિકળતાં રૂપિયા ૪૯,૫૭૬/- તેમજ ખાલી ગેસ સિલીન્ડર કુલ ૫૦૮ કુલ કિંમત રૂપિયા ૩૮,૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩૮,૫૯,૫૭૬/- ની મતા કંપનીને પરત નહીં આપી, કંપની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એમ.ઠાકોર ચલાવે છે.

<u>ઘરફોડઃ-</u> <u>સમાચાર યાદી નં.૪૬૭/૧૬</u>

બાપુનગરઃ દિનેશભાઈ રણછોડભાઈ પટોલીયા (રહે.ઈતિહાસ રેસીડન્સી કુંજમોલ પાસે નિકોલ નરોડા રોડ) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૯/3/૧૬ રાતના ૮/૧૫ થી તા.૧૦/3/૧૬ સવારના ૭/30 વાગ્યા દરમ્યાન પન્ના એસ્ટેટ રોડ ધરણીધર એસ્ટેટમાં આવેલ દુકાન નંબર-૩૫ હિમાલય પ્લાસ્ટીક તથા દુકાન નંબર ૪૧ વિકાસ રબર ઈન્ડસ્ટ્રીઝ નામની દુકાનના તાળા તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાંથી સી.સી.ટી.વી કેમેરા, ડીવીઆર મશીન અને રોકડ રૂપિયા ૬૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭૨,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એ. પટેલ ચલાવે છે.

<u>દાઝી જતા મૃત્યુઃ-</u> <u>સમાચાર યાદી નં.૪૬૮/૧૬</u>

શહેરકોટડાઃ ઈલાબહેન રીલેશભાઈ ભરવાડ (ઉ.વ.30) (રહે.શિવશક્તિનગર લાઈન નંબર-૧ વણજારાવાસનુ ડેલુ મેમ્કો) તા.૫/3/૧૬ કલાક ૯/00 વાગ્યાના સુમારે પોતાના ઘરે પ્રાયમસ બંધ કરવા ફુંક મારતાં, પ્રાયમસમાં ભડકો થતા, ઇલાબહેન દાઝી ગયા હતા. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તા.૧૦/3/૧૬ કલાક ૮/૪૫ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ગણપતસિહ વખતસિહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,<br>
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.<br>
પોલીસ કમિશનર વતી.